# ઇન્ડેમનીટી બોન્ડ

# (બાંહેધરી ખત)

**TORRENT POWER LIMITED**
Torrent House, Station Road
Surat 395003
Phone +91 261 2428281-3, 2425761
Fax +91 261 2419963

સંવત _______ ના ________ ને વાર ___________ તા.________ માહે ________ સને ______ ના અંગ્રેજી દિને ઇન્ડેમનીટી બોન્ડનું લખાણ લખાવી લેનાર ટોરેન્ટ પાવર લિમિટેડ, ઠેકાણું ટોરેન્ટ હાઉસ, સ્ટેશન રોડ, સુરતનાં.

જોગ લિ. ઇન્ડેમનીટી બોન્ડનું લખાણ લખી આપનાર ઃ
(લખી આપનારનું પુરૂં નામ, સરનામું, ઉંમર ધંધો સહિત)

જત ઇન્ડેમનીટી બોન્ડના લખાણથી હમો તમોને લખી આપી જણાવીએ છીએ કે ઃ

તમો ટોરેન્ટ પાવર લિમિટેડ એક પબ્લીક યુટીલીટી કંપની છે અને ઇન્ડીયન ઇલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની જોગવાઇઓ મુજબ લાયસન્સી છે. તમો લાયસન્સ એરિયામાં વીજવિતરણ વ્યવસ્થા કરતાં આવેલા છે.

હમો ઇન્ડેમનીટી બોન્ડનું લખાણ લખી આપનાર આથી નીચે મુજબ સહમત થઇ જણાવીએ છીએ કે...

અમોએ વીજપુરવઠો મેળવવા માટે શ્રી ________________________ ના નામ ઉપર તમો કંપનીમાં અરજી કરેલ છે. અને તે રીતે મજકુર તમો કંપનીના રજીસ્ટર્ડ કન્ઝયુમર બનવા માંગે છે. હમો મજકુર, લાઇટ સર્વિસ કંપનીમાંથી લેવા માંગીએ છીએ અને તે અંગે હમોએ તમો કંપનીમાં નીચે મુજબનો પુરાવો રજૂ કરેલ છે.

૧. રેકવીઝીશન ફોર્મ જેના ઉપર મેં સહી કરેલી છે અને તે ખરી સહી છે. અને તે સહી અમોએ જાતે કરેલ છે.

૨. મજકુર લાઇટ સર્વિસ હમારા નામ ઉપર લેવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનનું બિલ/ રસીદ, પ્રાપર્ટી કાર્ડની નકલ, કબજા રસીદની નકલ, રજીસ્ટર્ડ દસ્તાવેજોની એટેસ્ટેડ નકલ વિ. એ મુજબનો પ્રમાણિત પુરાવો ઝેરોક્ષ સહી સિક્કાવાળી નકલ અત્રે રજૂ કરેલ છે.

૩. ઉપર મુજબનો હમોએ જે પુરાવો રજૂ કર્યો છે તે તમામ ખરો છે. એવી હમો તમોને ખાત્રી, વિશ્વાસ અને ભરોસો આપીએ છીએ. અને તેના આધારે જે કંઇ રકમ ભરવાની થાય તે હમો તમો કંપનીમાં ભરીશું / ભરપાઇ કરી દીધી છે.

૪. ઉપર મુજબનો તમામ પુરાવો કાયદેસરનો છે અને ખરો છે એવો હમો તમોને વિશ્વાસ અને ભરોસો આપીએ છીએ. તેમ છતાં જો કોઇ પુરાવો ખોટો માલમ પડે કે ખોટો હોવાનું નીકળી આવે અગર તો એવા પુરાવા ઉપરની સહી ખોટી માલમ પડે કે ફ્રોડ યાને બનાવટી અને ઉપજાવી કાઢેલી માલમ પડે તો તે અંગેની સઘળી જવાબદારી હમારા એકલાને શીર છે. હમોએ રજૂ કરેલા પુરાવાના આધારે તમો ઇલેક્ટ્રીક સપ્લાય આપો અને પાછળથી કોઇપણ દીવાની યા ફોજદારી પ્રકરણ થાય તો તે અંગેની તમામ જવાબદારી હમારા એકલાને શીર છે. અને તેને કારણે કંપની અમને મળતો વીજપુરવઠો વિના નોટિસ કાપી શકે છે. અને આ બાબતમાં જો કંપનીને કે કંપનીના કોઇપણ અધિકારીને દીવાની કે ફોજદારી રાહેના પ્રકરણમાં સંડોવાવવું પડે અને તેમાં જે કંઇ ખર્ચ અને નુકશાન થાય તો તે ખર્ચ અને નુકશાનીની રકમ હમો તમો કંપનીને તથા કંપનીના અધિકારીઓને ચૂકવી આપવા જવાબદાર છીએ.

૫. જો કંપનીને વીજપુરવઠો પૂરો પાડવા માટે, મારી અથવા સંબંધિત ગ્રાહકોના સમૂહની ભારણની જરૂરિયાતને પહોંચી વળવા તેમજ વોલ્ટેજ ડ્રોપને માન્ય મર્યાદાની અંદર રાખવા, ટેકનીકલ દ્રષ્ટિએ જો સબસ્ટેશન સ્થાપવું જરૂરી અને ઇચ્છનીય જણાય, તો મારે મને પૂરા પાડવામાં આવેલ ડ્રોઇંગ મુજબ યોગ્ય રીતે બાંધેલું એક સબસ્ટેશન પૂરું પાડવાનું રહેશે. જો તે કંપનીના નિશ્ચિત ધોરણો અનુસાર હું પ્રાંગણની અંદર પૂરુ પાડું તો તેનું ભાડુ કંપની પોતાના ધારાધોરણ મુજબ વાર્ષિક ધોરણે પુરું પાડશે.

૬. વીજપુરવઠો મેળવવા માટેની અરજીની તારીખ આ બાંહેધરી ખત જે તારીખે સહી કર્યું હોય તે ગણવામાં આવશે. જે મને માન્ય છે. તેમજ જો કોઇ કારણસર આ અરજીપત્રક ભરવામાં ઢીલ થાય તો તેની સંપૂર્ણ જવાબદારી મારી પોતાની રહેશે. અને તેને લીધે મારે કંપનીને જવાબદાર ગણવાની રહેશે નહીં.

એવી વિગતનું આ ઇન્ડેમ્નીટી બોન્ડ હમોએ હમારી રાજીખુશીથી તથા અક્કલ હોંશિયારીથી વાંચી સમજી વિચારીને લખી આપ્યું છે, જે હમોને તથા હમારા વંશવારસોને કબૂલ મંજૂર અને બંધનકર્તા છે.

અત્રે ____________________ મતુ          અત્રે ____________________ શાખ.

____________________          ____________________

____________________          ____________________